RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ મહા સુદ -૨   મંગળવાર, તા.૨૦-૦૧-૨૦૨૬   અંક : ૨૧ વર્ષ : ૨૧   email :rajkot@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# ભારત અને યુએઈ વચ્ચે સંરક્ષણ સહિતના ક્ષેત્ર અંગે કરાર

## યુએઈ ગુજરાતમાં ધોલેરા પ્રોજેક્ટમાં પણ રોકાણ કરશે : બંને દેશ વચ્ચે મહત્વના ક્ષેત્રો ઉપર થયા કરાર

નવી દિલ્હી

સંયુક્ત અરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દિલ્હીમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન બંને દેશોના નેતાઓ વચ્ચે વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી, અવકાશ માળખાગત સુવિધાઓ અને ઉર્જા સુરક્ષા જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સહયોગ માટે ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો અને કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં છે.

વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ ભારત અને યુએઈ શિખર સંમેલનને આગામી સમય માટે ખૂબ ખાસ અને મહત્વપૂર્ણ ગણાવ્યું છે. આ સાથે વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી માટે ફ્રેમવર્ક કરાર પર કામ કરવા માટે લેટર ઓફ ઈન્ટેન્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં છે. આમ તો યુએઈ ભારતને મોટા પ્રમાણમાં એલએનજીનું સુપ્લાયર રહ્યું છે. પરંતુ હવે યુએઈ હવે દર વર્ષે ભારતને ૦.૫ મિલિયન મેટ્રિક ટન એલએનજી સપ્લાય કરશે, જેના કારણે ભારતને મોટા ફાયદો થવાનો છે.

આ સાથે યુએઈ ગુજકાતમાં ધોલેરા પ્રોજેક્ટ પર પણ રોકાણ કરશે તેવું આ જાણવા મળ્યું છે. બંને દેશોએ સરહદ પારના આતંકવાદ પર પણ ચર્ચા કરી અને આગળ આકરા પગલા લેવા માટે નિર્ણય કર્યો છે. અવકાશ ક્ષેત્રમાં માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવશે તે માટે સંયુક્ત પહેલ કરવામાં આવશે. ભારત અને યુએઈએ નાગરિક પરમાણુ ઉર્જા ક્ષેત્રમાં ભાગીદારી શોધવાનું પણ નક્કી કર્યું છે. સૌથી મહત્વની વાત એ છે કે, પ્રતિનિધિમંડળમાં અબુ ધાબી અને દુબઈના શાહી પરિવારોના સભ્યો તેમજ યુએઈના સંરક્ષણ પ્રધાન શેખ હમદાન પણ હાજર રહ્યાં હતાં.

ખાદ્ય સુરક્ષાના ક્ષેત્રોમાં પણ એમઓયૂ કરવામાં આવ્યાં છે, જેના કારણે ભારતના ખેડૂતોને ઘણો ફાયદો થશે અને ખાદ્ય સુરક્ષા વધારે મજબૂત થવાની છે. આ સાથે છઈ એ ભારતમાં ડેટા સેન્ટર ક્ષમતા અને સુપરકોમ્પ્યુટિંગ ક્લસ્ટર ક્ષેત્રમાં પણ રોકાણ કરશે. જેના કારણે એઆઈમાં પણ સારો એવો સહયોગ મળી રહેશે.

બંને દેશોના નેતાઓ વચ્ચે થયેલા સમજૂતી કરવામાં આ અન્ય પણ ઘણાં ક્ષેત્રોમાં રોકાણની આશા જોવા મળી છે. ભારતમાંથી અનેક લોકો છઈ માં રહેવા માટે જાય છે. જેથી છઈ માં રહેતા ભારતીયો માટે અબૂ ધાબીમાં હાઉસ ઓફ ઈન્ડિયા સ્થાપિત કરવાની જાહેતા કરી છે. આ હાઉસ ઓફ ઈન્ડિયામાં બંને દેશોના સહિયારા વારસાને પ્રદર્શિત કરવામાં આવશે. આ સાથે પશ્ચિમ એશિયામાં શાંતિ, સુરક્ષા અને સમુદ્ધિ માટે સાથે કામ કરવામાં આવશે. એટલું જ નહીં પરંતુ પશ્ચિમ એશિયા અને આફ્રિકામાં પણ નિકાસને વધારવા માટે કામ કરવામાં આવશે.

આ સંક્ષિપ્ત મુલાકાત દરમિયાન યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન માત્ર ૧.૪૫ કલાક માટે જ ભારત આવ્યાં હતાં, પરંતુ આ બેઠક ૩ કલાક સુધી ચાલી હતી. જોકે તેમ છતાં પણ આ વિશ્વની સૌથી નાની વિદેશ યાત્રા કહેવાશે. આટલા ટૂંકા સમય માટે મોટા દેશના રાષ્ટ્રાધ્યક્ષનું આગમન આશ્ચર્યજનક હતું પરંતુ આ દરમિયાન અનેક મુદ્દાઓ પર બંને દેશોએ સમજૂતી કરાર કર્યાં છે.



ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે સત્તાવાર કાર્યભાર સંભળાતા પહેલા નીતિન નવીને દિલ્હીના પ્રસિદ્ધ ગુરુદ્વારામાં શીશ ઝુકાવ્યું હતું.ભાજપ કાર્યાલય ખાતે પણ કાર્યકરોએ જશ્ન મનાવ્યો હતો.

# રશિયામાં હિમવર્ષાએ ૩૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો ૧૩ ફૂટ બરફ પડતા જનજીવન ખોરવાયું

## ભારે હિમવર્ષા અને ઠંડા પવનના કારણે તાપમાન માઈનસ ૨૧ ડિગ્રી સુધી ગગડ્યું : બે લોકોના મોત નીપજ્યા

કામચાત્કામા,રશિયા

રશિયાના સુદૂર પૂર્વ વિસ્તાર કમચાત્કામાં શિયાળો વિકટ બન્યો છે. સમગ્ર વિસ્તાર ૧૩ ફૂટ બરફની ચાદર નીચે દટાઈ ગયો છે. ભારે હિમવર્ષા અને તીવ્ર ઠંડા પવનોને કારણે તાપમાન માઈનસ ૨૧ ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડી ગયું છે, જેના કારણે જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે.કમચાત્કામાં આવેલા આ શક્તિશાળી બરફના તોફાને અનેક શહેરોને બરફમાં દફનાવી દીધા છે.



રાજધાની પેટ્રોપાવલોવસ્ક-કમચાત્કામાં છત પરથી બરફ પડવાને કારણે ઓછામાં ઓછા બે લોકોના મોત થયા છે. પ્રથમ મોતના સમાચારની પુષ્ટિ થતાં જ, શહેરના મેયરે બરફ હટાવવા અને રાહત કાર્યો માટે વધારાના સંસાધનો એકત્ર કરવા માટે શહેરવ્યાપી ઈમરજન્સી જાહેર કરી દીધી છે. હિમવર્ષાના ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે. એક વીડિયોમાં બાળકો બરફના વિશાળ ઢગલા પર લપસતા જોવા મળ્યા, જ્યારે બીજા વીડિયોમાં ઈમારતો ચોથા માળ સુધી બરફમાં દટાયેલી જોવા મળી, જાણે કે આખો વિસ્તાર સફેદ સમુદ્રમાં ફેરવાઈ ગયો હોય. ઘણા વીડિયોમાં તો ગાડીઓ સંપૂર્ણપણે ગાયબ હતી અને માત્ર બરફના ઊંચા ટેકરા જ દેખાઈ રહ્યા હતા.

રશિયાના ઈમરજન્સી મંત્રાલયે વીડિયો જારી કરીને બતાવ્યું છે કે કેવી રીતે બચાવકર્મીઓ બરફના ઊંચા ઢગલાને કાપીને એવા વૃદ્ધ લોકો સુધી પહોંચી રહ્યા છે જેઓ પોતાના ઘરોમાં ફસાઈ ગયા હતા. સતત હિમવર્ષાને કારણે શાળાઓ બંધ કરી દેવામાં આવી છે, જાહેર પરિવહન અટકાવી દેવામાં આવ્યું છે અને ઘણા વિસ્તારોમાં વીજળી તથા સપ્લાય ચેઈન પર દબાણ વધી ગયું છે.

# અમદાવાદના વટવા તળાવના ૪૦૦ જેટલા દબાણો હટાવવામાં હાથ ધરાયું ઓપરેશન ડિમોલિશન

## અમદાવાદ મહાનગરપાલિકાની ૧૦ ટીમો દ્વારા ૧૦ હિટાચી,૫ જેસીબીની મદદથી દબાણો તોડી પાડવા હાથ ધરવામાં આવી કાર્યવાહી

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના તળાવોને દબાણમુક્ત કરવાની ઝુંબેશ તેજ કરવામાં આવી છે. ચંડોળા અને ઈસનપુર બાદ આજે વટવા વિસ્તારમાં આવેલા વાંદરવટ તળાવ પર મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું છે. તળાવની અંદર અને તેની આસપાસ ખડકાયેલા ૪૦૦ જેટલા ગેરકાયદે દબાણોને દૂર કરવાની કામગીરી શરૂ કરાઈ છે.વટવા વિસ્તારમાં આવેલા વાંદરવટ તળાવ પર દબાણ હટાવવાની પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનીય



ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ઝોન-૬ પોલીસ સ્ટેશનના આશરે ૫૦૦ જેટલા પોલીસ જવાનો તહેનાત કરવામાં આવ્યા છે અને અમદાવાદ કોર્પોરેશનના ૩૦૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ સ્થળ પર હાજર રહી મોનિટરિંગ કરી રહ્યા છે. આ દબાણો દૂર કરવા માટે ૧૦ હિટાચી મશીન, ૦૫ જેસીબી અને મોટી સંખ્યામાં મજૂરોની ટીમ કામે લગાડવામાં આવી છે.આ મેગા ઓપરેશન માટે ખાસ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે,

જેમાં એસ્ટેટ વિભાગની કુલ ૧૦ ટીમો કાર્યરત કરવામાં આવી છે. આ અગાઉ કોર્પોરેશન દ્વારા તમામ દબાણકર્તાઓને સ્વેચ્છાએ જગ્યા ખાલી કરવા માટે કાયદેસરની નોટિસ આપવામાં આવી હતી. તેમ છતાં, કેટલાક રહીશો દ્વારા બાંધકામ દૂર ન કરાતા આખરે તંત્રએ જેસીબી અને બુલડોઝરની મદદથી તોડી પાડવાની ફરજ પડી હતી.

# ઈરાન હુમલો કરશે તો ઈઝરાયેલની વળતો હુમલો કરવા ચેતવણી

તેલ અવિવ

મધ્ય પૂર્વમાં જીયોપોલિટીકલ તણાવ સતત વધી રહ્યો છે, યુએસ ઈરાન પર લશ્કરી કાર્યવાહીની તૈયારી કરી રહ્યું છે. એવામાં ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ પણ ઈરાનને ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે જો ઈરાન ઈઝરાયલ પર હુમલો કરશે તો ઈઝરાયલ અગાઉ ક્યારેય ન થયો હોય એટલી તાકાત સાથે હુમલો કરશે. ઈઝરાયલની સંસદ નેસેટને સંબોધતા નેતન્યાહૂએ કહ્યું કે ઈઝરાયલ સરકાર ઈરાન પર નજર રાખી રહી છે, ઈરાનમાં વિરોધ પ્રદર્શનો બાદ અશાંતિ ફેલાયેલી છે, પ્રદર્શનકારીઓ સામે હિંસક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઈરાનનું ભવિષ્ય શું હશે તેની આગાહી કોઈ શકે એમ નથી, પરંતુ ઈરાન પહેલાની સ્થિતિમાં કોઈપણ શરતે પરત નહીં ફરી શકે. આ દરમિયાન નેતન્યાહૂએ કહ્યું "જો ઈરાન આપણા પર હુમલો કરવાની ભૂલ કરશે, તો અમે એવી તાકાતથી કાર્યવાહી કરીશું જેનો ઈરાને હજુ સુધી અનુભવ ન કર્યો હોય."અહેવાલ મુજબ ખામેની વિરોધી પ્રદર્શનોમાં રવિવાર સુધીમાં ૫,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે., જેમાં લગભગ ૫૦૦ સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે.

ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીએ કહ્યું કે દેશમાં સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો દરમિયાન હજારો લોકોની હત્યા માટે યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલ જવાબદાર છે. ખામેનીએ કહ્યું કે ઈરાન તેની સરહદોની બહાર તણાવ વધારવાનું કામ નહીં કરે, પરંતુ જે લોકો જવાબદાર છે તેમને પરિણામ ભોગવવા પડશે.

નોંધનીય છે કે યુનાઈટેડ સ્ટેટ્સે ઈરાન સામે લશ્કરી કાર્યવાહીની તૈયારીઓ શરુ કરી દીધી છે. યુએસની ન્યુક્લિયર પાવર્ડ યુએસએસ અબ્રાહમ લિંકન કેરિયર સ્ટ્રાઈક ગ્રુપને મધ્ય પૂર્વ તરફ મોકલવામાં આવી રહ્યું છે.

યુએસએસ અબ્રાહમ લિંકન કેરિયર દક્ષિણ ચીન સમુદ્રમાં હતું, તેને સિંગાપોર પાર કરીને મલાક્કાના સ્ટ્રેટમાં પ્રવેશ્યું છે અને મધ્ય પૂર્વ તરફ આવી રહ્યું છે. શિપ-ટ્રેકિંગ ડેટા મુજબ અમેરિકન નેવીના યુએસએસ ફ્રેન્ક ઇ. પીટરસન જુનિયર, યુએસએસ માઈકલ મર્ફી અને યુએસએસ સ્પ્રુઅન્સ મલાક્કાના સ્ટ્રેટમાં દેખાયા હતાં.

# ઉત્તર પ્રદેશના ઈટામાં ધોળા દિવસે ઘરમાં ઘૂસીને સસરા, પુત્રવધૂ અને પૌત્રીની ક્રૂરતાથી હત્યા

લખનૌ,

ઉત્તર પ્રદેશના ઈટાહ જિલ્લામાં ધોળા દિવસે ટ્રિપલ મર્ડરથી ખળભળાટ મચી ગયો છે. એક મહિલાની હાલત ગંભીર છે. અજાણ્યા હુમલાખોર દ્વારા ટ્રિપલ મર્ડરનો જઘન્ય ગુનો કરવામાં આવ્યો હતો. અજાણ્યા વ્યક્તિ દ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ, વૃદ્ધ વ્યક્તિ ગંગા સિંહ નીચેના માળે એક રૂમમાં પડેલા મળી આવ્યા હતા, જ્યારે તેમની સાસુ, પુત્રવધૂ અને પૌત્રી બીજા માળે લોહીથી લથપથ હાલતમાં મળી આવ્યા હતા.

આ ઘટના ઈટાહના કોતવાલી નગર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના મોહલ્લા નગર પ્રેમીમાં બની હતી. વધુ વિગતો આપતાં પોલીસે જણાવ્યું હતું કે શ્યામા દેવી હજુ પણ શ્વાસ લઈ રહી હતી. પોલીસે તેમને લોહીલુહાણ હાલતમાં મેડિકલ કોલેજમાં દાખલ કર્યા હતા. સસરા ગંગા સિંહ, પુત્રવધૂ રત્ના સિંહ અને પૌત્રી જયોતિની હત્યા કરવામાં આવી હતી. શ્યામા દેવીની હાલત ગંભીર છે.

પોલીસે જણાવ્યું હતું કે હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. આ વ્યક્તિગત દુશ્મનાવટનો મામલો હોઈ શકે છે. પોલીસે એમ પણ કહ્યું હતું કે તેઓ જૂની દુશ્મનાવટ અથવા લૂંટની શક્યતાની તપાસ કરી રહ્યા છે.

# સુપ્રીમે રાજસ્થાન હાઈવે પરથી દારૂની દુકાનો હટાવવા પર રોક લગાવી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે રાજસ્થાનમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવેલી હાઈવે પરથી ૧,૧૦૨ દારૂની દુકાનોને ખસેડવા પર સ્ટે આપ્યો છે. સુપ્રીમ કોર્ટે રાજસ્થાન હાઈકોર્ટના ૨૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગોથી ૫૦૦ મીટરની અંદર આવેલી દારૂની દુકાનોને હટાવવા અથવા સ્થાનાંતરિત કરવાના આદેશ પર સ્ટે આપ્યો છે, ભલે તે મ્યુનિસિપલ અથવા સ્થાનિક સંસ્થા વિસ્તારોમાં સ્થિત હોય.

રાજસ્થાન સરકાર અને અન્ય લાઈસન્સ ધારકો દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી દરમિયાન ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાની બેન્ચે સોમવારે આ આદેશ આપ્યો હતો.જોકે, કોર્ટે માર્ગ અકસ્માતોમાં વધતા મૃત્યુ અને નશામાં વાહન ચલાવવાના જોખમોને પણ સ્વીકાર્યા. બેન્ચે જણાવ્યું હતું કે હાઈકોર્ટની ચિંતાઓ "સંપૂર્ણપણે માન્ય" હતી, પરંતુ ઉમેર્યું હતું કે આ વ્યાપક દિશાનિર્દેશોની વધુ નજીકથી તપાસ કરવાની જરૂર છે, ખાસ કરીને કેટલાક કિસ્સાઓમાં મૂળ પ્રતિબંધને હળવા કરનારા સુપ્રીમ કોર્ટના અગાઉના નિર્ણયોના પ્રકાશમાં.

# અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવાથી SC/ST એક્ટ હેઠળ ગુનો બનતો નથી

## સુપ્રીમ કોર્ટનું અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ સંદર્ભમાં એક સીમાચિહ્નરૂપ અવલોકન

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) અત્યાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૯ના સંદર્ભમાં એક સીમાચિહ્નરૂપ અવલોકન કર્યું છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે માત્ર અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવો એ આ કાયદા હેઠળ ગુનો બનતો નથી, સિવાય કે તે શબ્દો પાછળ વ્યક્તિને તેની જાતિના આધારે અપમાનિત કરવાનો સ્પષ્ટ ઈરાદો હોય.



જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આલોક આરાધેની બેન્ચે પટણા હાઈકોર્ટના આદેશને પડકારતી કેશવ કુમાર મહતોની અરજી પર સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે અપીલકર્તા વિરુદ્ધ ચાલી રહેલી ફોજદારી કાર્યવાહીને રદ કરતા જણાવ્યું હતું કે, 'કલમ ૩(૧)(આર) હેઠળ ગુનો ત્યારે જ બને છે જ્યારે અપમાન કે ધાકધમકી પાછળનો હેતુ પીડિત વ્યક્તિ 'દલિત અથવા આદિવાસી' સમુદાયનો સભ્ય છે તે હોવો જોઈએ. આ કેસની ફ્રૈંઇ કે ચાર્જશીટમાં જાતિ આધારિત અપમાન થયું હોવાના કોઈ નક્કર પુરાવા મળ્યા નથી.

'અપીલકર્તા કેશવ કુમાર મહતો સામે પટણા હાઈકોર્ટમાં એક આંગણવાડી કેન્દ્રમાં જાતિ આધારિત ગાળાગાળી અને હુમલો કરવા બદલ FIR નોંધાઈ હતી. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટની કાર્યવાહીમાં દખલ કરવાનો ઈનકાર કર્યો હતો, જેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું કે માત્ર ફરિયાદી SC/ST સમુદાયનો સભ્ય છે એટલા માત્રથી દરેક વિવાદ આ એક્ટ હેઠળ આવરી શકાય નહી.સુપ્રીમ કોર્ટની બેન્ચે ઉમેર્યું કે, 'જો કોઈ સામાન્ય વિવાદમાં અપમાનજનક ભાષા વપરાય છે, જેમાં જાતિગત વૈમનસ્ય કે અપમાનનો હેતુ નથી, તો તેને SC/ST એક્ટ હેઠળ અત્યાચાર ગણી શકાય નહીં.' આ ચુકાદાને કારણે હવે આ કાયદાના દુરુપયોગ પર લગામ લાગશે અને સાચા ઈરાદા સાથેના કેસોમાં જ કાયદાકીય કાર્યવાહી થશે તેમ માનવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટે અગાઉના ચુકાદાઓને ટાંકીને બે અનિવાર્ય શરતો પર ભાર મૂક્યો હતો. પહેલી ફરિયાદી અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિનો સભ્ય હોવો જોઈએ.